ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



જીલુભા ધાધલ
પ્રમુખ, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ અને જુનિયર સિટિઝન કાઉન્સીલ, ગાંધીનગર
મો. ૯૭૨૬૧ ૫૫૯૭૩



વિધિ કેતનભાઈ પંડ્યા
મો. ૯૮૯૮૦ ૯૫૧૯૫



ભાવેશ પી ઠાકર
મો. ૯૦૯૯૦ ૧૩૧૮૩



ગૌરવ એમ પટેલ
ઇન્સ્ટ્રક્ટર સુપરવાઈઝર, આઈટીઆઈ, કુબેરનગર




દૃષ્ટિ ભાવેશકુમાર રાજવંશી
મો. ૮૨૩૮૦ ૪૨૨૩૨



તારા સોલંકી
મો. ૯૧૩૭૧ ૨૧૨૧૨



ડો. રાજેન્દ્ર એચ ચૌહાણ
આસી. આરએમઓ, જનરલ હોસ્પિટલ, ગાંધીનગર
મો. ૯૪૨૬૩ ૩૦૩૩૧



ધનાભાઈ એસ વણકર
મો. ૯૯૧૩૮ ૩૭૪૩૩

૧૫-૧-૨૦૧૬



સીતારામ એમ કાછિયા
પ્રમુખ, કાછિયા પટેલ મિત્ર મંડળ, ગાંધીનગર
મો. ૯૭૨૬૧ ૫૫૯૭૩

### વિવેકાનંદ સંસ્કાર તપોવન ખાતે

# સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી અને વાલી મિટીંગ યોજવામાં આવી



ગાંધીનગર, તા. ૧૩

વિવેકાનંદ સંસ્કાર તપોવન, સૅક્ટર-૧૭ ખાતે પ્રતિ વર્ષની જેમ આ વખતે પણ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે ઉજવણી તેમજ વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત સંસ્થાના વિદ્યાર્થીઓએ પ્રાર્થનાથી કરી હતી. એ પછી કન્યા છાત્રાલયની બાળાઓએ સ્વાગત ગીત પ્રસ્તુત કર્યું હતું. ઉપસ્થિત મહેમાનો અને વાલીગણે સ્વામી વિવેકાનંદનું પૂજન કરી તેમના વિચારોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કર્યો હતો.

કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ઉપસ્થિત દીપકભાઈ તેરૈયાએ બાળકોના સર્વાંગી વિકાસમાં માતા-પિતાની ભૂમિકા અંગે ખૂબ જ સચોટ અને સરળ માહિતી ઉદાહરણોના માધ્યમથી આપી હતી. કાર્યક્રમના અતિથિ વિશેષ બાબુભાઈ જે પટેલે વર્તમાન શિક્ષણ સ્થિતિનો ચિતાર કટાક્ષ કાવ્ય દ્વારા સુંદર રીતે રજૂ કર્યો હતો અને વર્તમાન શિક્ષણની ખામીઓને દૂર કરવા માટે સૂચનો પણ કર્યાં હતાં.

વિદ્યાર્થીઓ દ્વારા સ્વામી વિવેકાનંદ અંગે વક્તવ્યો રજૂ કરવામાં આવ્યાં હતાં. આભારવિધિ સંસ્થાના મુખ્ય વ્યવસ્થાપક સુરેશભાઈ પટેલે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા સુનિલભાઈ પટેલ, હેતલબેન પંડ્યા, અલ્પાબેન ઝાલા, ટ્રસ્ટીમંડળે જહેમત ઉઠાવી હતી.

### ગાંધીનગરના સંગીતપ્રિય યુવાનોની વધુ એક કમાલ

# સ્વામી વિવેકાનંદની જયંતિ નિમિત્તે સ્વામી વિવેકાનંદનું ગીત લૉન્ચ કર્યું

ગાંધીનગર, તા. ૧૩

'ભૂમિ જેનું ભારત છે નામ, થઈ ગયા ત્યાં એક વિદ્વાન....'

આ એ ગીતના શબ્દો છે જે ગાંધીનગરના સર્જક યુવાનોએ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ પ્રસંગે લૉન્ચ કર્યું છે.

ગાંધીનગર શહેરના સૅક્ટર-૧૬માં શાંતમ રૅકોર્ડ ઈન નામે રૅકોર્ડીંગ સ્ટુડિયો ધરાવતા યુવાન ઋષિકેશ મહેતાએ આ ગીત લખ્યું છે અને કિશોર ઠાકોર સાથે મળીને એનું સંગીત પણ તૈયાર કર્યું છે, તો સાગર દેસાઈ સાથે મળીને એ ગીત માટે પોતાનો સ્વર પણ આપ્યો છે.

શાંતમ ખાતે જ આ ગીતનું રૅકોર્ડીંગ કરવામાં આવ્યું છે અને ગઈકાલે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ પ્રસંગે તેને સોશિયલ મીડિયા પર અપલોડ કરવામાં આવ્યું છે.



**ઋષિકેશ મહેતાની પ્રશસ્ત કામગીરી : ગીત લખ્યું, સંગીતબદ્ધ કર્યું અને ગાયું પણ ખરું**

ગાંધીનગર સમાચારના વાચકોને યાદ હશે કે ગત તા. ૩૧ ડિસેમ્બરના રોજ મધરાત્રે ગાંધીનગર અંતિમ ધામથી બે યુવાનોએ પોતાનું ગીત લૉન્ચ કર્યું હતું. ઋષિકેશ મહેતા અને સાગર દેસાઈ એ જ સર્જનશીલ યુવાનો છે.

'સ્વામી વિવેકાનંદ હંમેશા યુવાનોના આદર્શ રહ્યા છે અને એમના બતાવેલા પથ પર ચાલવાની પ્રેરણા સતત આપતા રહ્યા છે. આ ગીત અમારા તરફથી આ વિશ્વ વંદનીય વિભૂતિને અંજલિરૂપે તૈયાર કરવામાં આવ્યું છે' એવી લાગણી ઋષિકેશ મહેતાએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં વ્યક્ત કરી હતી.

શાંતમ રૅકોર્ડ ઈનના ફેસબૂક પેજ ઉપર આ ગીત ઉપલબ્ધ છે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
વજીર
૧૨.૪૫, ૩.૩૦
૬.૩૦, ૧૦.૧૫
છોટા ભીમ : હીમાલયન એડવેન્ચર
૮.૩૦

**સ્ક્રીન-૩**
પોઈન્ટ બ્રેક (ઉડી હિન્દી)
૫.૦૦
સ્ટાર વોર્સ : ધ ફોર્સ અવેકન્સ (ઉડી અંગ્રેજી)
૭.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
છોટા ભીમ : હીમાલયન એડવેન્ચર
૩.૧૫, ૫.૧૫
દિલવાલે
૧૨.૧૫, ૭.૧૫
છેલ્લો દિવસ
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
વજીર
૧૦.૦૦ (સવારે)
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫
દિલવાલે
૯.૪૫

# બીબીએ કોલેજ ખાતે પક્ષી બચાવો સેમિનાર

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરની બીબીએ કોલેજ દ્વારા પ્રકૃતિની જાળવણી માટે તેમજ પક્ષીઓનાં જીવ બચાવવા માટે ઉત્તરાયણમાં પક્ષી બચાવો સેમિનારનું આયોજન થયું હતું. તેમજ વિશ્વ દિકરી દિવસ નિમિત્તે દીકરી બચાવ જાગૃતિ આપતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે વનશ્રી ટ્રસ્ટનાં પ્રમુખ અંજના નિમાવત દ્વારા વિદ્યાર્થીઓને દીકરીઓની સુરક્ષા તેમના અભ્યાસ, કારકિર્દી વગેરે બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ત્યારબાદ રાજયના રેંજ ફોરેસ્ટ ઓફીસર બી.આર. સોલંકી સાહેબ દ્વારા યુવાન મિત્રોને ઉત્તરાયણની ઉજવણી કરવાથી કોઈ પક્ષીનું મૃત્યુ ન થાય કે ઘાયલ ન થાય તેવી રીતે ઉજવણી કરવા માટેનાં સૂચનો આપવામાં આવ્યા હતા. તેઓ દ્વારા જણાવાયું હતું કે ઉત્તરાયણનાં દિવસે સવારે વહેલા ૯.૦૦ વાગ્યા પહેલા તેમજ સાંજે ૫.૦૦થી ૭.૦૦ વાગ્યા દરમિયાન પતંગ ન ચગાવવા જોઈએ કેમ કે આ સમયમાં સૌથી વધારે પક્ષીઓ આકાશમાં ઉડતા હોય જેથી તેઓને વધારે નુકશાન થવાની સંભાવના છે. તેમજ તેમણે જણાવ્યું હતું કે કોઈ ઘાયલ પક્ષી આપના ધ્યાન પર આવે તો તાત્કાલીક ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટમાં ફોન કરી જાણ કરવી સાથે સાથે આવા પક્ષીને કુતરાથી બચાવવા જેથી તેઓને કોઈ નુકશાન થવાની સંભાવના ન રહે. તેમજ તેને બિનજરૂરી અડકવું નહીં કેમ કે ઘાયલ અવસ્થામાં પક્ષીઓ માણસને હાની પહોંચાડી શકે છે. આની સાથે સાથે વાહન ચલાવતી વખતે હેલમેટ પહેરવું જોઈએ અથવા મફલર બાંધીને બહાર નીકળવું વાહનની આગળ તાર નંખાવવો જેથી કોઈ પણ પ્રકારનાં શારીરિક નુકશાનથી બચી શકાય અને ઓછામાં ઓછી જાન હાની થાય. તેમજ પ્લાસ્ટીકના પતંગ કે ચાઈના દોરી વાપરવી નહી જેનાથી નુકસાન થવાની શકયતા રહે. આમ સુરક્ષિત ઉત્તરાયણની ઉજવણી બાબતે ચાવીરૂપ સૂચનો કરવામાં આવ્યા હતા. જેનાથી વિદ્યાર્થીઓને ઘણી બધી માહિતી મળી હતી. સેમિનાર બાદ વિદ્યાર્થીઓએ પક્ષીઓને બચાવવાની પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પુષ્ટીના માર્ગદર્શન હેઠળ પ્રો. માર્ગી દેસાઈ તેમજ ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

## સહયોગ મંડળ દ્વારા આંગણવાડીનાં બાળકોનો પૌષ્ટિક નાસ્તાનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૩

સહયોગ મંડળ ગાંધીનગરના પ્રતિનિધિઓએ ગાંધીનગર ખાતે કાર્યરત આંગણવાડીઓની મુલાકાત લઈ તેમને પૌષ્ટિક આહારનું વિતરણ કર્યું હતું.

બોરીજ કેન્દ્ર-૧,૨,૩ ઉપરાંત સૅ-૧૩ કેન્દ્ર-૧,૨ આંગણવાડીની મુલાકાત લઈ મંડળના પ્રતિનિધિઓએ ૪૦૭ જેટલાં બાળકોને પૌષ્ટિક આહાર રૂપે ચણા-ખજૂરનું વિતરણ કર્યું હતું. આ સેવા કાર્યમાં મંડળનો મુખ્ય સેવિકા જ્યોત્સ્નાબેન ગજ્જરનો સહકાર પ્રાપ્ત થયો હતો.

## એમ.બી. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓને ઉત્તરાયણ પર્વ નિમિત્તે 'ફિરકી'નું વિતરણ

ગાંધીનગર, તા.૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધો-૧ અને ૨ની વિદ્યાર્થીનીઓને તા. ૧૨મી જાન્યુઆરી મંગળવારના રોજ ઉત્તરાયણ પર્વની ઉવજણી નિમિત્તે દરેક વિદ્યાર્થીનીને આકાશમાં પતંગ ઉડાડવા માટે દોરી (ફિરકી)નું વિતરણ શાળા દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યા નીરૂબેન પટેલે ઉત્તરાયણ પર્વના મહત્વની સમજ આપી શાળાની તમામ વિદ્યાર્થીઓને આ પર્વની શુભેચ્છા પાઠવી હતી.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ધાબળા અને ચીક્કીનું વિતરણ





ગાંધીનગર, તા. ૧૩

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી વિસ્તારના ગામોમાં ધાબળા, ચીક્કી અને ખાદ્ય સામગ્રીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેસીંગપુર, ભવાનપુર, ભેટાલી, સર્વોદય આશ્રમ તથા ગોઠ ગામની શાળાના બાળકોને ૧૨૫ પેકેટ ચીક્કી, નવા કપડા, ૩૦૦ પેન્સીલ, રબ્બર, બોલપેન, બીસ્કીટ તેમજ નાસ્તાનું વિતરણ કરાયું હતું. સમગ્ર ધાબળા તેમજ ચીક્કીનું વિતરણ કૃષ્ણાબા પટેલે કર્યું હતું. વનવાસી વિસ્તારના ૧૨૫ નવા કાર્ડ ધારકોને પહેલીવાર વિતરણ શરુ કરાયું છે. જયારે કુલ ૬૨૦ કાર્ડ ધારકો લાભ લઈ રહ્યા છે. આ સેવા કાર્યમાં સમિતિના મિલિંદભાઈ, દિનેશભાઈ, અશોકભાઈ તેમજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ૮ નિવૃત્ત અધિકારીઓ જોડાયા હતા.

# ઉત્તરાયણ પર્વમાં 'વહેંચવાનો આનંદ'





આપણે ત્યાં 'વહેંચવાનો આનંદ' અનેરો હોય છે. તહેવારોમાં તો આ આનંદ મેળવવા માટે આપણે વધુ તત્પર થઈ જઈએ છીએ કારણ કે પરમાર્થ એ આપણી સંસ્કૃતિમાં છે, લોહીમાં છે. આવી જ તત્પરતા શહેરના નાગરિક પ્રદ્યુમનસિંહ વાઘેલાએ ઉત્તરાયણ નિમિત્તે દર્શાવી હતી. પેથાપુર ખાતે એમણે જરૂરિયાતમંદ બાળકોને પતંગો તથા નાસ્તાનું વિતરણ કર્યું હતું અને તહેવારમાં 'વહેંચવાનો આનંદ' પ્રાપ્ત કર્યો હતો.

# પક્ષીઓની માનવને આજીજી : અમને સલામત રાખજો

ફરી ઉત્તરાયણ આવી છે. ગામ-નગરના આભ રંગબેરંગી પતંગોથી ભરાઈ જશે. એ કાપ્યો.... એ કાપ્યો ના ગગનભેદી નાદની ગરમીથી શિયાળામાં ઠુંઠવાઈને થીજી ગયેલું લોહી પણ ગરમ થઈ જશે. આનંદના ઉન્માદની પરાકાષ્ઠામાં પતંગના પેચ સિવાય બધું ભૂલાઈ જશે. ચાઈનીઝ દોરીએ મચાવેલા આતંકને લીધે એના પર પ્રતિબંધ તો આવી જ ગયો છે છતાં છાનેખૂણેથી એની એન્ટ્રી થતી રહેતી હોય તો નવાઈ નહીં. એક તરફ આખો સમાજ આ આનંદના સમંદરમાં કૂદકા મારતો હોય ત્યારે આંગળીના વેઢે ગણાય એવી કેટલીક સંવેદનમૂર્તિઓને આ ખુશીઓની પેલે પારની કોઈની વેદનાભરી ચીસો સંભળાય. આકાશ જેમના માટે બારેમાસ અઘાટ લખાયેલું છે એવા વિહગની પાંખો, ડોક, પગને કયારેક તો આખાયે શરીરને ચીરીને આરપાર થતી તીણી દોરીના આતંકને પીગળીને આ કરુણામૂર્તિઓએ શરૂ કર્યુ એક અભિયાન : પતંગની દોરીથી ઘવાયેલા પક્ષીઓની સારવાર. વન વિભાગની પક્ષી સંરક્ષણની ઝૂંબેશમાં જોડાઈને કેટલાક પક્ષીપ્રેમીઓ અને વન્યજીવ સંરક્ષણ સાથે સંકળાયેલી સ્વૈચ્છીક સંસ્થાઓએ શરૂ કરેલું આ અભિયાન અમદાવાદ મહાનગરની સીમાઓ ઓળંગી લગભગ પ્રત્યેક મહાનગર સુધી પહોંચી ગયું છે. પક્ષીઓ પોતાના નિવાસસ્થાનથી ખોરાકની શોધમાં સામાન્ય રીતે સવારના ૬.૦૦ થી ૮.૦૦ વાગ્યા સુધી ઉડ્ડયન કરતાં હોય છે, તેવી જ રીતે સાંજના ૫.૦૦ થી ૭.૦૦ વાગ્યા સુધી માળામાં પરત ફરતાં હોય છે તે ધ્યાને રાખી છેલ્લા કેટલાંક વર્ષોથી આ સમયે પતંગો ના ઉડાડવા અપીલ થતી હતી એ આ વર્ષે કાયદેસર હુકમ સ્વરૂપે આવી રહી છે એ આ અભિયાનની હકારાત્મક ફળશ્રુતિ.

પક્ષી બચાવોની આ ઝૂંબેશના શરૂઆતના વર્ષોમાં સાક્ષી બનવાનું થયેલું. વિજ્ઞાનની સાથે મને શબ્દોનું સાનિધ્ય પણ મળ્યું છે. આથી પક્ષી સંરક્ષણના આ વૈજ્ઞાનિક અભિગમમાં અનાયાસે જ મારા શબ્દોની સંવેદના પણ જોડાઈ ગઈ.

આવો ! નઝમ સ્વરૂપે અવતરેલી એ રચનાનો રસાસ્વાદ કરી લાગણીથી ભીના થઈ આપણે સૌ પણ આકાશદૂતોની રખેવાળી કરવા સમર્પિત થઈએ.

પક્ષીઓ અને અન્ય પ્રાણીઓને આપણે અબોલ જીવ કહીએ છીએ એ સાચું નથી. સાચું તો એ છે કે એ બોલે છે પણ આપણને એમની ભાષા સમજાતી નથી. જો કે હદય સંવેદનાભર્યુ હોય તો આ ભાષા સમજવામાં મુશ્કેલી પડતી નથી.

**પક્ષીઓ આપણને વિનવે છે**

આકાશમાં તમારી પતંગો ઉડે ત્યારે ...એ કાયપો... ની ચીચીયારી સાથોસાથ અમારા કપાતા અંગોમાંથી નીકળતી લોહી ભીની ચીસો પણ સાંભળી લેજો. ઓ ધરાવાસીઓ ! ઈશ્વર-ખુદાએ તમોને હરવા ફરવા જેમ ધરતી આપી છે એમ અમારી ગગનગામી સવારી માટે અમને આભ આપ્યું છે.



કદાચ તમને સદીઓ પહેલાં આપણા સૌની એક માની ચીસો સાંભળી અમારી નાતનો એક બહાદુર લડવૈયા એ માની વ્હારે ધાયો હતો એ યાદ હશે ! એ હતા પક્ષીરાજ જટાયુ જે માતા સીતાના હરણ સામે દશાનન રાવણ સામે પોતાની બધી તાકાત લગાવીને યુધ્ધે ચડયા હતા. મોતને મુટ્ઠીમાં લઈ નીકળેલા એ પરાક્રમી ગીધરાજ પર રાવણે અનેક ઘા કરી એમને લોહીલુહાણ કરી નાખ્યા હતા. અમે બધા પક્ષીઓ એ જટાયુના જ વંશજ છીએ. પરંતુ આ તે વિધિની કેવી વક્રતા ! આજે પણ તમારામાંના કેટલાંક લંકાપતિ રાવણના સહોદર જેવું વર્તન કરી જટાયુની જેમ જ અમને મોતને ઘાટ ઉતારે છે. એમ લાગે છે કે સદીઓ વીતી ગઈ પરંતુ ઘટનાઓ બદલાઈ નહીં ! ગુર્જરધરાનો મીઠો આવકારો જોઈને અમારા ઘણા ભાઈ-બહેનો દૂર સાઈબીરીયાના પ્રદેશમાંથી આપની મહેમાનનવાજી માણવા આવે છે. આખરે તો આ મહેમાનો થોડા દિવસનો ગુજારો કરીને પરત એમના પ્રદેશમાં જતાં રહેવાના છે એ બધાં કયાં તમારી પાસે કોઈ હિસ્સો માંગે છે ?

હે માનવ ! અમારી પાસે તારી જેમ બે હાથ નથી નહીંતર તમને હાથ જોડી વિનવતા. એટલે તો આ બંને પાંખો ફેલાવી કરેલી વિનંતીને હાથ જોડી કરેલી આજીજી માની લેજે. આખરે તો તમે અને અમે સૌ પ્રકૃતિના જ સંતાન છીએ. પ્રકૃતિએ આપણને સહઅસ્તિત્વ સ્વીકારવા આદેશ કરેલો છે એને માથે ચઢાવી અમારા અસ્તિત્વનો પણ સ્વીકાર કરી લો. ઉત્તરાયણ મકરસંક્રાતિના પાવન પર્વમાં પણ સદાયની જેમ અમને ખુદાએ આપેલા ગગનમાં વિહરવા દેજો એ જ હદયની ઈચ્છા !

- પ્રતાપસિંહ ડાભી

**પક્ષીજગતની વિનવણી**

ઉડે આભમાં છો પતંગો તમારી,
જરા સુણી લેજો ચીસો પણ અમારી,
ખુદાએ દીધી છે ધરા જો તમોને,
ગગન વિહરે છે સવારી અમારી.

સુણી માવડીની રૂદન ચીચીયારી,
ભરી છે ઉડાનો જટાયુએ ભારી,
લઈ મોત માથે લડત આદરી છે,
કીધા રાવણે છે કીધા ઘાવ કારી.

જટાયુના વંશજ અમે સૌ ગગનચર,
ન લંકેશ કેરા ય બનશો સહોદર,
હજુ આજ પણ મોતને ભેટવાનું ?
ખૂની ખેલ ખેલો છો શાને ભયંકર ?

ઘણા તો પરોણા બનીને છે આવ્યા,
તમારી ધરાનો સુણી સાદ આવ્યા,
કરી રાતવાસો ને નીકળી જવાના,
નથી કાયમી ભાગ લેવાને આવ્યા.

અમે પંખ જોડી વિનવીએ છીભ તમને,
સહઅસ્તિત્વ ધારી સ્વીકારી લો અમને,
મકરસંક્રાંતિ પરવ પુણ્ય આવ્યું,
ગગનમાં સુખેથી વિહરવા દો અમને.